હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમને ઊગાડીને જતા રહો છો પછી અમને બકરા ખાઇ જાય છે અને બકરાને તમે ખાઇ જાવ છો... એટલે ઓક્સિજન પ્લાંટ બનાવવા જ મહેનત કરો..!

વિચરતી વિમુક્ત જાતિનુ પડતર માંગણીઓ મુદ્દે ૧૫ દિવસનું સરકારને અલ્ટીમેટમ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે વિચરતી વિમુકત જાતિઓનું મહાસંમેલન યોજાયું હતું. આ મહા સંમેલનમાં રાજયભરમાંથી હજજારો વિચરતી વિમુકત જાતિના આગેવાનો અને ભાઈ બહેનો હાજર રહ્યા હતા. પોતાની પડતર માંગણીઓ મુદ્દે અનેકવાર સરકાર સમક્ષ રજુઆત કરવા છતા યોગ્ય નિરાકરણ આવ્યું નથી. ત્યારે વિચરતી વિમુકત જાતિના આગેવાનોએ સરકાર સામે બાંયો ચડાવી છે. પોતાની પડતર માંગણીઓનો ૧૫ દિવસમાં હકારાત્મક ઉકેલ નહી આવે તો સત્તાધારી પક્ષને ભારે નુકશાન વેઠવુ પડશે. રામકથા મેદાન ખાતે આયોજીત વિચરતી વિમુકત જાતિના મહા સંમેલનમાં નટ, બજાણીયા, નાયક, વણઝારા, વાદી, વાંસફોડા, સરાણીયા, યોગી, સહિત સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. બપોરે ૨ કલાકે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરુઆત કરી હતી. જયારે આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા હતા.જયારે સ્ટેજ પર વિરાટ દેવી પુજક સંઘના રૂપસંગભાઈ ભરભીડીયા, ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જંજુવાડીયા, રાવળ સમાજના પ્રમુખ દશરથભાઈ, ડો.રાકેશ ગોસ્વામી, ગાડલીયા લુહાર સમાજના પ્રમુખ મનુભાઈ બોડાણા, પુનમભાઈ ગાડલીયા, રમેશભાઈ પટ્ટણી, સુરેશ દંતાણી, સહિત મોટીસંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા. તમામ મહેમાનોનું પુષ્પગુંચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે સમાજના વિવિધ આગેવાનો પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું.

જયારે આ મહાસંમેલનને સંબોધતા અખિલ ભારતીય આદિમ મહાસંઘના રૂપસંગભાઈએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી પડતર માંગણી છે કે વિચરતી વિમુકત ૪૦ જાતિઓને ઓબીસીમાં સમાવેશ કરાયો છે. આ જાતિ ખરેખર અતિ પછાત છે. ત્યારે ઓબીસીની ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત અલગ કરી વિચરતી વિમુકત જાતિઓને આપવામાં આવે અને એસટી સમકક્ષ સુવિધા આપવામાં આવે. તેનો અમલ શિક્ષણ, નોકરી, સત્તામાં ભાગીદારીવાળી અનામત ગ્રામ પંચાયત થી લઈને રાજયસભા સુધી લાગુ કરવામાં આવે. પોતાની માંગણીઓ અંગે સરકાર ૧૫ દિવસમાં હકારાત્મક નિર્ણય નહી કરે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને સત્તાધારી પક્ષથી વિચરતી વિમુકત જાતિઓ વિમુખ પણ થઈ શકે છે.

ખૂણેખાંચરેથી

- આજે ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી મંડળની બેઠક પડતર પ્રશ્નોના ઉકેલ માટે આંદોલનાત્મક કાર્યક્રમો ઘડવા મળશે.
- ગાંધીનગર શહેરમાં ૩૨ ડિગ્રીએ પહોચેલુ તાપમાનને લઈ આજે નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- જિલ્લાના કલોલ તાલુકામાં ૬ મી.મી. અને ગાંધીનગર તાલુકામાં આજે ૧૨ થી ૨ ના ગાળા દરમ્યાન હળવો વરસાદ છુટોછવાયો નોંધાયો હતો.
- ગાંધીનગર જિલ્લાના માણસા અને દહેગામ તાલુકામાં ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને ન્યુટ્રીશ્યન કીટ આપવામાં આવી હતી.
- દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્રના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં ૪થી સપ્ટેમ્બર સુધી આકરી ગરમીના સંકેતો આપવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ માટે ગામે ગામ કેમ્પોનું આયોજન કરાયુ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૫૨૬ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગો પર સ્ટ્રીટલાઈટો બંધ રહેતા પદયાત્રીઓ પણ પરેશાની અનુભવી રહ્યા છે.
- ગાંધીનગરથી પસાર થતા પદયાત્રીઓને ''પ્લાસ્ટીક મુક્ત-નગર'' ''સ્વચ્છ નગર'' ઝુંબેશને લઈ જાણકારી આપવાના અભિયાનનો મેયર હિતેશ મકવાણાએ આરંભ કરાવ્યો છે.
- પોષણ માસાની ઉજવણીનો આજથી આરંભ થયો છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ડહોળા પાણીથી પાણીજન્ય રોગચાળાના દર્દીઓ વધવા પામ્યા છે.

સાદરા સંકુલમાં લોક રંગ પારંપરિક પહેરવેશ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલની વયનિવૃત્તિની પૂર્વ સંધ્યાએ પ્રા. બળદેવભાઈ મોરી તેમજ ડૉ. દિવ્યેશ ભટ્ટના માર્ગદર્શન મુજબે વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા લોક રંગ પારંપરિક પહેરવેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના જિલ્લાઓના જુદા જુદા ૨૨ પ્રકારના પહેરવેશ પરિધાન કરી ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૨ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે ૨૨ હજાર રૂપિયાની ઘોષણા પ્રા. રમેશભાઈ મ. પટેલે કરી. ઈનચાર્જ સંયોજક ડૉ. રાજેન્દ્ર જોષીએ આભાર દર્શન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. બળદેવ મોરીએ કર્યું.

આજે ગીફ્ટ સીટી ખાતે જી રીયલ્ટર્સ સમિટનું આયોજન

વર્ષ ૨૦૨૧-૨૨માં સમગ્ર ગુજરાતમાં નવા કોમર્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં રૂ.૫,૦૦૫ કરોડનું રોકાણ થયું છે.

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં રીયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીને વેગ આપવા અને ગુજરાતમાં આવનારી તક વિષે સમગ્ર ઈન્ડસ્ટ્રીને માહિતગાર કરવાના હેતુસર ૨ સપ્ટેમ્બરના રોજ ગીફટસીટી કલબ ખાતે જી રિયલ્ટર્સ-રીયલ એસ્ટેટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ રીયલ એસ્ટેટ સમિટનું આયોજન ગ્રીનસીટી રીયલ્ટર્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ભારતમાંથી ૫૦૦ થી વધારે રીયલ્ટર્સ હાજરી આપશે. આ કાર્યક્રમમાં પૂજય જ્ઞાનવત્સલ સ્વામી, મોટીવેશનલ સ્પીકર સોનુ શર્મા, સેવી ગ્રુપના સીએમડી જક્ષય શાહ, એનએઆરના ચેરમેન રવિ વર્મા, ગ્રીનસીટી રીયલ્ટર્સ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ ગજેન્દ્ર લીંમ્બાચીયા સહિત અનેક ઈન્ડસ્ટ્રી એકસપર્ટ ઉપસ્થિત રહેશે. આ ઈવેન્ટ વૈશ્વિક સ્તરે રીયલ એસ્ટેટ બજારના ભુતકાળના વર્તમાન અને ભવિષ્ય વિશે ચર્ચા કરવા માટે સરકાર , નિયમનકારી સંસ્થાઓ, અને રિયલ એસ્ટેટ ક્ષેત્રના મહાનુભાવો એક મંચ પર ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે જી રીયલ્ટર્સ સમિટના ચેરમેન કમલ વટાલીયાએ જણાવ્યું હતું કે ગીફટસીટી ખાતે જી રીયલ્ટર્સ ઈવેન્ટ ચોક્કપણે રિયલ્ટર અને ડેવલપર્સ વચ્ચેના સહયોગને મજબુત બનાવશે. જે અમારા માટે ખુબ ગૌરવની વાત છે કે સમગ્ર ભારતમાંથી ઈન્ડસ્ટ્રીના એકસપર્ટ એક મંચ પર ભેગા થઈ રહ્યા છે. ગુજરાતમાં વધી રહેલા શહેરીકરણના દર સાથે રાજયની લગભગ ૫૦ ટકા વસ્તી શહેરોમાં છે. કોવીડ પછીની મજબુત આર્થિક પુનઃપ્રાપ્તિ, વૃધ્ધિ અને ગુજરાત સરકારની અનુકુળ વ્યવસાય નિતીઓ ઔધોગીક,

લોજીસ્ટીકસ અને ડેટા પાર્ક લઈને ઉત્પાદન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સ્થાનિક અને વૈશ્વિક રોકાણ માટે ગુજરાતને પસંદગીના સ્થળ તરીકે પ્રસ્થાપિત કરે તેવી શક્યતા છે. આ પ્રસગે સમિટના ચેરમેન વાસુદેવ પટેલ, રીયલ્ટર્સ ઈન્ડીયાના પ્રમુખ સમીર અરોર સહિતઅનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા ગામેથી અંબાજી પગપાળા સંઘનું પ્રસ્થાન

ચિલોડા, તા. ૧

ચિલોડા ગામેથી છેલ્લા ઘણા વર્ષોથી અંબાજી પગપાળા જતો સંઘને ગ્રામજનો દ્વારા વાજતે ગાજતે આતશબાજી કરી રવાના કરવામાં આવ્યો હતો. આ વર્ષે શણગાર કરેલ માતાજીનો રથને ગ્રામજનોએ અબીલ ગુલાલ અને ફૂલોથી માઈભક્તો દ્વારા ગામના ચોકથી ચિલોડા સર્કલ થઈ રવાના કર્યો હતો. આ પગપાળા સંઘમાં ધર્મપ્રેમી માઈભક્તો પગપાળા સંઘમાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. રથની સાથે ગામમાં વાજતે ગાજતે શોભાયાત્રા કાઢી પ્રસ્થાન કરાયું હતું.

કલોલ મંદિરના ઓટલા પર સુઈ રહેલા વ્યકિતના બે થેલા ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કલોલ અમૃત હોટલ પાસે મંદિરના ઓટલા પર બે વ્યકિત આરામ કરી રહ્યા હતા. તે સમયે તેમના બે થેલા ચોરી કરીને નાસી જનાર શખ્સને એલસીબી-૨ પોલીસે કલોલ છત્રાલ બ્રિજ નીચેથી ઈકો ગાડી સાથે ઝડપી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન હે.કો.નરેશકુમાર વિરજીભાઈને બાતમી મળી હતી કે એક ઈકો ગાડી નં. જી.જે.૦૮.સી.જી.-૪૬૬૬ લઈને એક શખ્સ મહેસાણા થી અડાલજ તરફ જવાનો છે. જેથી

પોલીસ ટીમે વોચ ગોઠવી કલોલ છત્રાલ બ્રીજ નજીકથી ઈકો ગાડી સાથે એક શંકાસ્પદ યાકુબ ઈસ્માઈલભાઈ લતીફભાઈ રાઠોડ (સિંધી ડફેર, રહે. રાધનપુર ચોકડી લશ્કરી કુવો મહેસાણા) ને પકડી પાડ્યો હતો.

આ શખ્સ પાસેથી બે થેલા મળી આવ્યા હતા. જે અંગે પોલીસે યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા આજથી આશરે પાંચ દિવસ પહેલા યાકુબ ઈકો લઈ પોતાના મિત્રો સાથે અડાલજ થી મહેસાણા તરફ જઈ રહ્યો હતો તે સમયે કલોલ અમૃત હોટલ નજીક મંદિરના ઓટલા પર બે વ્યકિત આરામ કરતા હતા તેમના બે થેલાઓની ચોરી કરી ગાડીમાં લઈ જતા રહ્યા હતા. જે અંગે તપાસ કરતા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પોલીસે ઈકો ગાડી કિં. ૪ લાખ, બે થેલા કપડા, રોકડા રૂ.૩૮૦૦ ગાડીની આરસી બુક, એક મોબાઈલ ફોન કિં.૫ હજાર સહિત તમામ મુદ્દામાલ કલોલ પોલીસ મથકે આરોપી તેમજ મુદ્દામાલ સોંપવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

ઝુંડાલ પાસે વેગનઆર કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

અડાલજ પોલીસમથક વિસ્તારમાં ઝુંડાલ રોડ ઉપરથી વેગનઆર ગાડીમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ મળી આવી હતી. પોલીસને વેગનઆર ગાડીની સીટ નીચે બનાવેલા ચોરખાનામાંથી એલસીબી-૨ પોલીસને દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને ગાડી મળી કુલ રૂ. ૧,૨૮,૧૪૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

વલાદ ખાતે ગામના એપ્રોચ સી.સી. રોડનું ખાતમુર્હત યોજાયુ

વલાદ ખાતે રૂપિયા ૯૦ લાખના ખર્ચે તૈયાર થનાર વલાદ હાઈવે થી વલાદ ગામમાં જવાના સી. સી રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ પ્રસંગે માનનીય સાંસદ સભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર , ગુજરાત પ્રદેશ ભાજપ ના સહ પ્રવક્તા શ્રી હિતેન્દ્રભાઈ પટેલ ,વિશેષ આમંત્રિત સભ્ય ભારતીય જનતા યુવા મોરચો ગુજરાત પ્રદેશ અને સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઝોન -૧ ના ગાંધીનગર જિલ્લાઅને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી રોનક પટેલ ,વલાદ જિલ્લા પંચાયત સદસ્ય રંજનબેન જાદવ, વલાદ તાલુકા સદસ્ય ભુપતજી ઠાકોર, પૂર્વ વલાદ તાલુકા સદસ્ય કરશનજી જાદવ , દિલીપભાઈ પટેલ, વિજય ઠાકોર, ભાવેશ પટેલ, લાલાજી ઠાકોર ,ભલાજી ઠાકોર, પૂર્વવલાદ સરપંચ હોથાજી ઠાકોર , રાયપુર તાલુકા સદસ્ય રામાજી ડાભી,તાલુકા પ્રમુખશ્રી મોહબતસિંહ સોલંકી, ફઉઁના રાજેશભાઇ જાની ,પંકજભાઈ પટેલ,યોગેશભાઈ પટેલ,તથા અન્ય આગેવાનો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.

પડુસ્મા શાંતિ નિકેતન નર્સિંગ કોલેજ ખાતે શપથવિધી સમારોહ યોજાયો

માસ્ટર ડીગ્રીમાં પ્રથમ આવનાર પ્રિયકા દવેનું સર્ટીફિકેટ આપી સન્માન

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પડુસ્મા ગામે આવેલી શાંતિ નિકેતન નર્સિંગ કોલેજ ખાતે લેમ્પ લાઈટ અને ઓથ સેરેમનીની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહેસાણાના સાંસદ શારદાબેન પટેલ, ગુજરાત રાજય નર્સિંગ કાઉન્સિલગના રજીસ્ટાર પ્રજ્ઞાબેન ડાભી, ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટાર અને માણસાના આગેવાન અનિલભાઈ પટેલ તેમજ દિનેશભાઈ વ્યાસ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું સ્વાગત કોલેજના ડાયરેકટર બી.કે.પટેલ, ટ્રસ્ટ પ્રમુખ કે.આર.પટેલ, સહિત ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીમાં માસ્ટર ડીગ્રીમાં પ્રથમ આવેલા પ્રિયંકા દવે

તેમજ પુજા સોલંકી સહિત અન્ય વિદ્યાર્થીઓને સન્માનિત કરી એવોર્ડ અને સર્ટીફિકેટ ઉપસ્થિત મહેમાનોના હસ્તે આપવામાં આવ્યા હતા. જયારે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે પ્રિયંકા બેન દવે માસ્ટર ડીગ્રીમાં પ્રથમ નંબરે આવતા લાડોલ હરસિદ્ધી પરિવારનું અને ગામનુ ગૌરવ વધાર્યું છે.

આંગણવાડી બહેનોએ પડતર પ્રશ્નો મુદ્દે કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા.૧

રાજયમાં વિધાનસભાની ચુંટણીઓના પડઘમ વચ્ચે વિવિધ સંગઠનો પોતાની પડતર માંગણીઓ લઈ સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે.ત્યારે છેલ્લા કેટલાક સમયથી પગાર સહિતના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા આજે આંગણવાડી બહેનો પણ ગાંધીનગરના આંગણે ઉમટી પડી હતી. અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના નેજા હેઠળ એકઠી થયેલી આંગણવાડી બહેનોએ પોતાની માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી તાત્કાલીક ધોરણે યોગ્ય કરવા રજુઆત કરવામાં આવી છે. જયારે બહેનોએ પડતર પ્રશ્નો મુદ્દે નિરાકરણ ન આવે ત્યાં સુધી તા.૧ સપ્ટેમ્બરથી પોતાની કામગીરીથી અળગા રહેવાની ચિમકી ઉચ્ચારી છે.

આંગણવાડી બહેનોની પડતર માંગણીઓમાં મુખ્યત્વે પગાર વધારો છે. જયારે અન્ય માંગણીઓમાં આંગણવાડી અને તેડાગર બહેનોને સરકારી કર્મચારી જાહેર કરો, આંગણવાડીના સમયમાં ફેરફાર કરવો, સરકારી કર્મચારીઓના ધોરણે નિવૃતિના તમામ લાભ આપવા, તેડાઘરને કાર્યકરનું અને કાર્યકરને મુખ્ય સેવિકાની નિયુકતિ કોઈપણ જાતિની વય મર્યાદા સિવાય આપો, ૪૫ વર્ષની વય મર્યાદાનો પરિપત્ર રદ કરો, આઈસીડીએસ સિવાયની કામગીરી બંધ કરવી, કાર્યકરો પાસેથી રજીસ્ટર તેમજ મોબાઈલ એપ બંન્ને કામગીરીની પ્રથા બંધ કરી ગમે તે એક પ્રથા શરુ રાખવી સહિતનો સમાવેશ થાય છે. ત્યારે બહેનો આજે તંત્રને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. જયારે પડતર માંગણીઓનો ઉકેલ નહી આવે ત્યાં સુધી કામગીરીથી અળગા રહેશે તેમ જણાવ્યું છે.

સરખેજની બસમાં બેસવા જતા યુવકના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસટી ડેપો ખાતે મોબાઈલ ચોરીની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે. બસમાં બેસવા જતા સમયે મોબાઈલની સાથે મુસાફરોના ખીસ્સા પણ કપાય છે. તેમ છતા એસટી તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. ત્યારે વધુ એક યુવા મુસાફરનો મોબાઈલ ચોરાયો છે. ગાંધીનગર નજીક પેથાપુર કિર્તીરાજ સોસાયટી ખાતે રહેતા અને પ્રહલાદ નગર ખાતે ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ધવલ સુખડીયા સવારના સમયે એસટી ડેપોમાં આવ્યા હતા.

ત્યારબાદ તેઓ સવારે ૮ વાગ્યાના અરસામાં દહેગામ સરખેજ બસ આવતા તેમાં બેસવા માટે જતા ભીડભાડ અને ધક્કામુક્કી વચ્ચે કોઈ તેમના પેન્ટના ડાબા ખીસ્સામાંથી વન પ્લસ કંપનીનો રૂ.૨૦ હજારનો મોબાઈલ ચોરી કરી ચોર પલાયન થઈ ગયો હતો. યુવકને બસમાં બેસવા જતા સમયે ખીસ્સામાંથી મોબાઈલ ચોરીની જાણ થતા તે નીચે ઉતરી ગયો હતો. શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરી થતા યુવકે સેકટર--૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.